પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૧૭, બુધવાર ; વૈશાખ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઐતિહાસિક GST બિલ વિધાનસભામાં સર્વાનુમતે પસાર

## એક દિવસના વિશેષ સત્રમાં સાડા ત્રણ કલાક સુધી લાંબી ચર્ચા : જીએસટી પારદર્શક, પ્રમાણિક અને પ્રજાલક્ષી કાયદો છે : નીતિન પટેલ : ઐતિહાસિક કામમાં ગુજરાતે પોતાની ભૂમિકા નિભાવી

અમદાવાદ, તા. ૯

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) બિલને ગુજરાત વિધાનસભામાં આજે સર્વસંમતિથી લીલીઝંડી આપી દેવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જીએસટી બિલ રજૂ કર્યું હતું. નીતિન પટેલે ૨૨૩ પાનાનું આ બિલ રજૂ કરતાની સાથે જ તેના ઉપર ચર્ચા શરૂ થઈ હતી. આખરે બિલને સર્વસંમતિથી લીલીઝંડી આપી દેવામાં આવી હતી. નાણામંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષો જુની કર પ્રણાલિમાં ધરખમ ફેરફાર થશે અને ગણતરીની ચીજ વસ્તુને બાદ કરતા તમામને જીએસટીનો નવો કાયદો લાગૂ પડશે. નીતિન પટેલે જણાવ્યું હતું કે, લોકસભા અને રાજયસભાએ સર્વાનુમતે કાયદો મંજુર કરી દીધો છે. અને દેશની તમામ વિધાનસભાઓમાં જીએસટી કાયદાનો મંજુરી આપવાની બંધારણીય પ્રક્રિયા હાથ ધરાઈ છે ત્યારે ગુજરાત વિધાનસભાએ સર્વાનુમત્તે જીએસટી બિલ મંજુર



કરીને દેશના ઐતિહાસિક કામમાં પોતાની ભૂમિકા નીભાવી છે. ગુજરાત વિધાનસભાના એક દિવસના વિશેષસત્રમાં ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક ૨૦૧૭ની રજૂઆત કરતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, દેશના અનેક ભિન્ન ભિન્ન વિચારસરણી અને વિભિન્ન મતો હોવા છતાં ભારતની એકતા અને દેશના ગરીબોના કલ્યાણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ પક્ષોને સાથે રાખીને લોકસભા અને રાજયસભામાં સર્વાનુમતિ સાધીને જીએસટીનો ઐતિહાસિક કાયદો બનાવ્યો છે. આગામી તારીખ પહેલી જુલાઈથઈ સમગ્ર દેશમાં અમલી થનારા આ કાયદાને ગુજરાત વિધાનસભામાં પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના સહુ સભ્યો ગૌરવ લઈ શકે એ રીતે ભારત દેશની કાયાપલટ કરનાર આ ઐતિહાસિક બિલને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, જીએસટીના કાયદામાં ગ્રાહકને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ કાયદાથી ચીજ વસ્તુઓની કિંમતની વિસંગતાઓ દૂર થશે. લોકોની વેપારીઓની હાડમારી દૂર થશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જીએસટી પારદર્શક, પ્રામાણિક અને પ્રજાલક્ષી કાયદો છે. જીએસટીના અમલીકરણની વ્યવસ્થા તુમારશાહીની તકલીફ દૂર થશે. રિફંડ તેમજ તમામ પ્રક્રિયાઓ એન લાઈન હોવાથી વહીવટી સરળતા રહેશે. જીએસટીથી ટેક્સ પદ્ધતિમાં આમુલ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### બ્રિટનના ધનિકોમાં ભારતીયોનો દબદબો

બ્રિટનના ધનિકોની યાદીમાં હિન્દુજા ભાઈઓ મોખરે છે. હિન્દુજા બ્રધર્સની સંપત્તિ વધીને ૧૬.૨ અબજ પાઉન્ડ થઈ છે. બ્રિટનના પ્રથમ એક હજાર ધનિકોમાં હિન્દુજા બ્રધર્સ ઉપરાંત ૪૦ ભારતીયો છે.

### પાક-અફઘાનિસ્તાન સરહદે તનાવ

પાકિસ્તાનના અધિકારીઓએ કબુલ્યુ છે કે બલુચિસ્તાનના યમન વિસ્તારમાં વિના કારણે થયેલા ગોળીબારમાં ૫૦ અફઘાની સુરક્ષા કર્મીઓ મોતને ઘાટ ઉતારાયા હતા. અફઘાનિસ્તાન બદલો લેવા તત્પર બન્યુ છે.

### સહારનપુરમાં પુનઃ હિંસા ભડકી

ઉત્તરપ્રદેશ સહારનપુરમાં મંગળવારે મહારાણા પ્રતાપ જન્મ જયંતિ શોભાયાત્રા પર ભારે પત્થરમારો થતાં મામલો બીચક્યો હતો. વીસથી વધુ વાહનો તોફાનીઓએ સળગાવ્યા હતા. એક અધિકારી સહિત ચાર સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આંબેડકર જયંતિએ શોભાયાત્રા નહી યોજવા દેવાના પ્રત્યાઘાત સ્વરૂપે હિંસા ભડકી છે.

### અનાજ ઉત્પાદનમાં વિક્રમી વધારો

ગત વર્ષના સારા ચોમાસાને પગલે ૨૦૧૬-૧૭ દરમ્યાન અનાજ ઉત્પાદનમાં વિક્રમી વધારો થયો છે. અનાજ ઉત્પાદન ૨૭૩.૩૮ મીલીયન સુધી પહોંચી ગયુ છે.

### પૂણાના નયના હત્યાકાંડમાં ત્રણને ફાંસી

પૂણાના બહુચર્ચીત નયના હત્યાકાંડ કેસમાં ત્રણેય દોષિતોને ફાંસીની સજા ફરમાવાઈ છે. ગેંગરેપ બાદ હત્યાના આરોપના પગલે હાઈકોર્ટે ચુકાદો જાહેર કર્યો છે.

# જસ્ટિસ કર્ણનને છ માસની જેલ

## સુપ્રીમે કોલકાતા હાઈકોર્ટના જજને દોષિત ઠેરવી ઈતિહાસ સર્જ્યો : અદાલત, ન્યાયિક પ્રક્રિયા તેમજ સમગ્ર ન્યાય વ્યવસ્થાને અપમાનિત કરવા બદલ કર્ણનને દોષિત : ૧૧મી જૂને નિવૃત્ત થતાં કર્ણન છેલ્લા માસમાં જેલમાં

નવી દિલ્હી,તા. ૯

ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા જેએસ ખેહર અને સુપ્રીમ કોર્ટના જજની સામે અસંતોષ વ્યક્ત કરનાર કોલકત્તા હાઈકોર્ટના જજ જસ્ટીસ કર્ણન સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કર્ણનને અદાલત, ન્યાયિક પ્રક્રિયા અને સમગ્ર ન્યાય વ્યવસ્થાને અપમાનિત કરવાના મામલે દોષિત ઠેરવીને છ મહિનાની જેલની સજા ફટકારી દીધી છે. જસ્ટીસ કર્ણન ભારતીય જ્યુડિશિયલ સિસ્ટમના ઈતિહાસમાં એવા પ્રથમ જજ હશે જેમને હોદ્દા પર રહેતી વેળા જેલ ભેગા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આદેશને તરત પાળવા માટે પણ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે જસ્ટીસ કર્ણનના નિવેદનને મિડિયામાં પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે. સુપ્રીમ કોર્ટની બેંચે જસ્ટીસ કર્ણનની સામે મામલાન ગંભીરતાને ધ્યાનમાં લઈને અપમાનની કાર્યવાહી હાથ ધરી હતી. સાથે સાથે તેમના ન્યાયિક અને વહીવટી કામકાજ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. જસ્ટીસ કર્ણને ૨૦ હોદ્દા પર રહેલા જજો અને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજ પર ભ્રષ્ટાચારના આરોપો મુકયા હતા. આ સંબંધમાં



તેઓએ એક ફરિયાદ પણ કરી હતી. હવે તેઓએ આ ફરિયાદમાં તપાસ કરવા માટે સીબીઆઈને સુચના આપી છે. જસ્ટીસ કર્ણને સીબીઆઈને આદેશ આપીને આ તપાસનો હેવાલ સંસદને સોંપવા માટે આદેશ કર્યો છે. આ આરોપો પર પ્રતિક્રિયા આપતા સીજેઆઈએ આને કોર્ટના અપમાન તરીકે ગણાવીને તેમની સામે કાર્યવાહી કરવા કહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# અંકુશ રેખા પર પાકિસ્તાની સેના દ્વારા ફરી ગોળીબાર

## સરહદે કલાકો સુધી સામ સામે ગોળીબારની રમઝટ : પૂંચમાં ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવી ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો ભારતીય સેના દ્વારા પણ જવાબી કાર્યવાહી થઇ



શ્રીનગર,તા. ૯

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં અંકુશ રેખા ખાતે ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેનાએ આજે ફરી એકવાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેના કારણે ફરી એકવાર તંગદીલી વધી

● અનુસંધાન પાન-૭ પર

# કેજરીવાલ સામે કપિલ મિશ્રાએ ફરિયાદ દાખલ કરી

## એએપીમાં ખેંચતાણનો દોર ચરમસીમાએ : ત્રણ ફરિયાદ પૈકીની એક ફરિયાદ ૫૦ કરોડની જમીન સોદાબાજીની અને બીજી બે કરોડની રોકડ લેવડદેવડની



નવીદિલ્હી, તા. ૯

એએપીની અંદર ચાલી રહેલી ખેંચતાણ આજે વધી તીવ્ર બની હતી. કારણ કે હકાલપટ્ટી કરવામાં આવેલા કપિલ મિશ્રાએ અરવિંદ કેજરીવાલ અને અન્ય પાર્ટી નેતાઓની સામે ફરિયાદના ત્રણ સેટ સીબીઆઈને સોંપી દીધા હતા. સીબીઆઈ સમક્ષ કેજરીવાલ સામે કપિલ મિશ્રાએ ફરિયાદ દાખલ કરી દીધી હતી. મિશ્રાએ કહ્યું હતું કે, ત્રણ ફરિયાદો તેઓ નોંધાવી ચુક્યા છે જૈ પૈકીની પ્રથમ ફરિયાદ અરવિંદ કેજરીવાલના સંબંધીની ૫૦ કરોડની જમીન સોદાબાજી સાથે સંબંધિત છે જ્યારે બીજી ફરિયાદ કેજરીવાલ અને સત્યેંન્દ્ર જૈન વચ્ચે બે કરોડ રૂપિયાની લેવડદેવડની સામે છે જ્યારે ત્રીજી ફરિયાદ વિદેશી પ્રવાસ માટે ફંડનો દુરુપયોગ કરનાર એએપીના પાંચ નેતાઓ સામે છે. સીબીઆઈના અધિકારીઓને મળ્યા બાદ કપિલ મિશ્રાએ આ મુજબની વાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ઈવીએમ સાથે ચેડા શક્ય : દિલ્હી વિધાનસભામાં ડેમો

નવી દિલ્હી, તા. ૯

કપિલ મિશ્રા દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો મુકવામાં આવ્યાના એક દિવસ બાદ દિલ્હી આદમી પાર્ટીના ધારાસભ્ય સૌરવ ભારદ્વાજે કહ્યું છે કે, ઈવીએમ સાથે ચેડા થઈ શકે છે. ઈવીએમ ટેમ્પરિંગના ડેમો પણ આપવામાં આવ્યા હતા. ભારદ્વાજે કહ્યું હતું કે, ઈવીએમથી કોઈને પણ મત આપી શકે છે. દિલ્હી વિધાનસભામાં સૌરવ ભારદ્વાજે ઈવીએમ ટેમ્પરિંગ પર ડેમો આપ્યા હતા. ગૃહમાં આજે ભારે ધાંધલ ધમાલ પણ થઈ હતી. ગૃહની

## ભ્રષ્ટાચારના આક્ષેપના મુદ્દે અરવિંદ કેજરીવાલ મૌન જ રહ્યા : ભ્રષ્ટાચારના આક્ષેપો પર ખુલાસો કરવાના બદલે વિધાનસભાના ખાસ સત્રમાં ઇવીએમનો મદ્દો ઉઠ્યો : ઈવીએમને લઇને આમ આદમી પાર્ટી દ્વારા દલીલો

વિધાનસભાની એક દિવસનું સત્ર બોલાવવામાં આવ્યું હતું. વિધાનસભા સત્ર દરમિયાન ઈવીએમ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સૌરવ ભારદ્વાજે દાવો કર્યો હતો કે, ઈવીએમ સાથે ચેડા થઈ શકે છે. ગૃહમાં આમ ઈવીએમમાં કોડ બદલીને કોઈપણ ઉમેદવારની તરફેણમાં વધારે મત આપી શકાય છે. બીજી બાજુ ચૂંટણી પંચના પૂર્વ સલાહકાર કેજે રાવે કહ્યું હતું કે, આ કયા ઈવીએમ છે. આ ઈવીએમ ચોરી કરીને લાવવામાં આવ્યા છે કે કેમ. ભારદ્વાજે કહ્યું હતું કે, તેમના જેવા એન્જિનિયર પણ બહાર સત્યેંદ્ર જૈને કહ્યું હતું કે, કપિલ મિશ્રા ખોટા નિવેદન કરી રહ્યા છે. તેમને મંત્રીપદેથી દૂર કરવામાં આવ્યા બાદ આઘાતમાં છે. પાંચમી મેના દિવસે તેઓ કેજરીવાલના ઘરે ગયા જ ન હતા. મીડિયા આ મામલામાં બિનજરૂરી મુદ્દા ઉઠાવે છે જે યોગ્ય નથી. આ અગાઉ આજે સવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, દેશમાં ચાલી




રહેલા એક મોટા ષડયંત્રની વાસ્તવિકતા આજે વિધાનસભામાં સૌરવ ભારદ્વાજ દ્વારા રજૂ કરવામાં આવશે. આમ આદમી પાર્ટીમાં રાજકીય ધમસાણ વચ્ચે દિલ્હી સરકારે વિધાનસભાનું એક દિવસનું સત્ર બોલાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર






# પતિ દ્વારા એક પક્ષીય રીતે તલાક ન આપી શકાય : અલ્હાબાદ હાઈકોર્ટ

## ત્રિપલ તલાકની બંધારણીય કાયદેસરતા, નિકાહ હલાલા અને મુસ્લિમોમાં બહુપત્નિને પડકાર ફેંકીને દાખલ શ્રેણીબદ્ધ અરજી ઉપર ૧૧મીથી સુનાવણી

નવી દિલ્હી,તા. ૯

અલ્હાબાદ હાઈકોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો જેમાં અલ્હાબાદ હાઈકોર્ટે ઠેરવ્યું હતું કે, ત્રિપલ તલાકની ઈસ્લામિક પ્રથા અયોગ્ય છે. કારણ કે મુસ્લિમ લગ્ન કોન્ટ્રાક્ટ સમાન છે જેને પાર્ટનરની મંજુરી લીધા વગર પતિ દ્વારા એકપક્ષીય રીતે રદ કરી શકાય નહીં. હાઈકોર્ટનો આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે ત્રિપલ તલાકને લઈને દેશભરમાં ભારે હોબાળો મચેલો છે. હાઈકોર્ટના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે, મુસ્લિમ મહિલા સહિત કોઈપણ વ્યક્તિના અધિકાર અને ઝેન્ડરના આધાર પર માનવ અધિકાર સાથે ચેડા થઈ શકે નહીં. પર્સનલ લોના નામ ઉપર કાયદા સાથે ચેડા કરી શકાય નહીં. પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા ત્રિપલ તલાકની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ૧૧મી મેના દિવસથી હાથ ધરવામાં આવશે. નિકાહ હલાલા અનેમુસ્લિમોની અંદર બહુપત્નિની પ્રથાના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. અત્રે નોંધનીય છે પ્રકારની પ્રથા સામાજિક જાગૃત્તિ દ્વારા જ દૂર થઈ શકે છે. મોદી મુસ્લિમ સમુદાયના બુદ્ધિજીવી લોકોને આગળ આવીને આ પ્રથાને દૂર કરવા જવાબદારી લેવા અપીલ કરી ચુક્યા



કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રિપલ તલાકને લઈને મુદ્દો ઉઠાવી ચુક્યા છે. મોદીએ આ મુદ્દો ઉઠાવ્યા બાદથી દેશભરમાં આને લઈને ભારે ચર્ચા છે. મુસ્લિમોમાં છુડાછેડાની પ્રથાને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. મોદી કહી ચુક્યા છે કે, ત્રિપલ તલાક એક ખરાબ સામાજિક પ્રથા છે જેને દૂર કરવામાં આવે તે જરૂરી છે. આ છે. આ જટિલ મુદ્દા પર કેન્દ્ર સરકાર પણ પોતાનું વલણ સ્પષ્ટ કરી ચુકી છે. કોર્ટમાં કેન્દ્ર સરકાર સ્પષ્ટપણે કહી ચુકી છે કે, ત્રિપલ તલાક, નિકાહ હલાલા અને મુસ્લિમ સમુદાય બહુપત્નિના મામલા મુસ્લિમ મહિલાના અધિકારનો ભંગ સમાન છે. મુસ્લિમ મહિલાના ગૌરવને નુકસાન પહોંચાડા છે.

# વિજય માલ્યાને ૧૦ જુલાઈએ હાજર થવાનો સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે આજે તિરસ્કારના મામલામાં ફરાર થયેલા ઉદ્યોગપતિ વિજય માલ્યાને દોષિત ઠેરવ્યા હતા. સાથે સાથે ૧૦મી જુલાઈના દિવસે તેની સમક્ષ હાજર થવા માટે વિજય માલ્યાને આદેશ કરવામાં આવ્યો હતો. આ અગાઉ સુપ્રીમ કોર્ટે વિજય માલ્યાને વેધક પ્રશ્નો કર્યા હતા અને કહ્યું હતું કે, પોતાની સંપત્તિના સંદર્ભમાં કોર્ટને જે માહિતી આપવામાં આવી છે તે સાચી છે કે કેમ. સુપ્રીમ કોર્ટની આ વાત જાણવાની ઈચ્છા હતી કે, માલ્યાએ કર્ણાટક હાઈકોર્ટના આદેશનો ભંગ કર્યો છે કે કેમ. હાઈકોર્ટનો આદેશ હતો કે, કોર્ટની મંજુરી વગર કોઈપણ લેવડદેવડ કરવા માલ્યાને મંજુરી આપવામાં આવી ન હતી. જસ્ટીસ એકે ગોયલ અને જસ્ટીસ યુયુ

● અનુસંધાન પાન-૭ પર

